**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૩.૪ ડીગ્રી
લઘુતમ : ૨૦.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૦ ટકા ● સાંજે ૭૭ ટકા

# સે-૧૬ માધ્યમિક શાળાના પ્રવેશદ્વારે ગંદકીનું સામ્રાજય...!



આ વર્ષે છેક દિવાળી પછી પણ વરસાદી સીઝન ચાલુ રહેવાને કારણે હજુ પણ પાટનગરમાં અનેક ઠેકાણે વરસાદી પાણીથી ભરાયેલા ખાબોચિયાં જોવા મળી રહ્યાં છે. શહેરના સે-૧૬માં સરકારી માધ્યમિક શાળાના મુખ્ય દરવાજા નજીક જ વરસાદી પાણીના ભરાવાની સમસ્યા સર્જાયેલી છે. જેમાં કચરો ભળતાં દુર્ગંધયુકત વાતાવરણ આ સ્થળે સર્જાઈ રહ્યુ છે. વળી, આ દૂષિત પાણીમાં રોજગન્ય જીવાણુઓનો ઉપદ્રવ જોવા મળી રહ્યો છે. હવે દિવાળી વેકશન પૂર્ણ થઈ શાળાઓ ખુલી રહી છે ત્યારે આ સ્થિતિ બાળકોના સ્વાસ્થ્ય માટે જોખમકારક નિવડી શકે તેમ છે તેથી સત્વરે તંત્ર દ્વારા આ ગંદા પાણીનો નિકાલ કરી અહીં જંતુનાશક દવાનો છંટકાવ કરાય તે ઈચ્છનીય છે.

# રિક્ષામાં બેસાડી મુસાફરોને લુંટતી ગેંગ સક્રિય

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર શહેરમાં અને આસપાસના વિસ્તારમાં રીક્ષા ગેંગ સક્રિય થઈ ગઈ છે. રીક્ષા ગેંગ મુસાફરોને બેસાડી મુસાફરની નજર ચુકવી સોના ચાંદીના દાગીના તેમજ રોકડ રકમની સિફતપૂર્વક ચોરી કરી જાય છે. ચાંદખેડા-અડાલજ અને ગાંધીનગર વિસ્તારમાં આ ટોળકીએ તરખાટ મચાવ્યો છે. ગઈકાલે સવારના સુમારે સરગાસણ પાસે આવેલ સ્વાગત ફલેમીંગો પાસેથી એક મહિલા રીક્ષામાં બેઠા હતા ત્યારે આ મહિલાના ગળામાંથી ગણતરીની મિનિટોમાં સોનાનો દોરો લઈ લીધા બાદ ટોળકીએ ગ-૦થી આગળ રીક્ષામાં બેસતા ફાવતું નથી તમે ઉતરી જાવ માસી કરીને ઉતારી જતા રહ્યા હતા ત્યારબાદ થોડીવાર પછી મહિલાને દોરો ચોરી થયાની જાણ થતા મહિલાએ સે-૭ પોલીસ મથકે જાણવાજોગ અરજી આપતા પોલીસે સીસીટીવી ફુટેજ ચેક કરી તપાસ આરંભી છે. મહિલાનો વર્ષ ૨૦૧૫માં પણ સે-૩ન્યુમાંથી દોરો તોડીને ચોર ઈસમો લઈ ગયા હતા.

પ્રાપ્ત માહિતી મુજબ શહેરના સે-૩ ન્યુ ખાતે મહિલા પોતાના પરિવાર સાથે રહે છે. મહિલા છુટક મજુરી કામ કરે છે. ત્યારે ગતરોજ સ્વાગત ફલેમીંગોથી ઘરે જવા માટે માર્ગ પર ઉભા હતા તે સમયે અડાલજ તરફથી આવી રહેલી રીક્ષામાં મહિલા ઘ-૧ માટે પુછીને બેઠા હતા તે સમયે રીક્ષામાં અગાઉથી ત્રણથી ચાર વ્યકિતઓ બેઠા હતા. રીક્ષા આગળ જઈ રહી હતી તે સમયે અચાનક મહિલાના ગળામાંથી દોરો તુટી જતા ટોળકીના સભ્યોએ તેઓને રીક્ષામાં નથી ફાવતું કહી ગ-૦ થી આગળના ભાગે ઉતારી દીધા હતા. થોડા સમય પછી મહિલાને દોરો ગયો હોવાનું માલુમ પડયું હતું ત્યારે મહિલાએ સે-૭માં જાણવાજોગ ફરિયાદ આપતા પોલીસે તપાસ શરુ કરી છે. ત્યારે ઉલ્લેખનીય છે કે અડાલજ વિસ્તારમાં રીક્ષા ટોળકીનો આતંક વધી ગયો છે. એકલ દોકલ મુસાફર તરીકે બેસાડી આગળ જઈ રોકડા, સોના-ચાંદીના દાગીનાની લુંટ-ચોરી કરી ફરાર થઈ જાય છે.

# સે-૨૫ વિવેકાનંદનગર પાસેથી વરલી મટકાનો આંક લખતો શખ્સ ઝડપાયો

શહેરના સેક્ટર-૨૫ જીઆઈડીસી વિસ્તારમાં આવેલ વિવેકાનંદનગર વસાહત પાસે વરલી મટકાનો જુગાર રમતા રમાડતા ત્રણ શખ્સોને એલસીબીએ પકડી પાડ્યા છે. હેડ કોન્સ્ટેબલ ભવાનસિંહને મળેલી બાતમીને આધારે એલસીબીએ દરોડો પાડ્યો હતો. જેમાં સે. ૨૪ ઈન્દિરાનગર છાપરામાં રહેતો ફિરોઝ ગુલાબખાન પઠાણ (ઉં.વ.૪૬) અને કોલવડા નિશાળવાળા વાસમાં રહેતો અશોક કેશાજી ઠાકોર તેમજ પગીવાસમાં રહેતો મહેશ મંગાજી ઠાકોરને પકડી પાડ્યા હતા. આ શખ્સો પાસેથી એલસીબીએ જુગાર રમવાનું સાહિત્ય અને રૂ. ૫૩૭૦ રોકડા જપ્ત કર્યા હતા. જ્યારે પોલીસની પ્રાથમિક તપાસમાં ફિરોજે કહ્યું હતું કે તે પોતાના શેઠ અશોક ઠાકોર માટે કામ કરે છે. જે રોજના રૂ. ૪૦૦ પગારપેટે આપે છે. એલસીબી પોલીસે સે. ૨૧ પોલીસ મથકમાં જુગારધારાની કલમ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# સ્વર્ણિમ ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી ખાતે મેન્યુફેક્ચરીંગ પ્રેક્ટિકલ સેશન યોજાયું



ગાંધીનગર, તા. ૧૩

આજના સમયમાં સમગ્ર દેશની જીડીપીની વૃદ્ધિમાં જો કોઈ સેકટરનો અગત્યનો ભાગ હોય તો તે મેનુફેકચરિંગ સેક્ટર છે. પરંતુ છેલ્લા થોડા સમયથી સર્વિસ સેકટરનો ફાળો એકંદરે વધતો હોય તેવું જોવા મળે છે. તેવા સંજોગોમાં આજે ભારત સરકાર મેનુફેકચરિંગ સેકટરની વૃદ્ધિ માટે સતત પ્રોત્સાહન મળે તેવી અલગ અલગ યોજનાઓ બહાર પાડી છે.

ઓટો એન્જિનિરીંગ અને મીકેનિકલ એન્જિનિરીંગના વિદ્યાર્થીઓને આજના આધુનિક અને વૈશ્વિક ઝડપથી વિકસતા મેનુફેકચરિંગ ક્ષેત્રે પ્રેક્ટિકલ તાલીમ મળે તે હેતુસર સ્વર્ણિમ ઈન્સ્ટિટયૂટ ઓફ ટેકનોલોજીના મીકેનિકલ એન્જિનિરીંગ શાખા દ્વારા એક દિવસીય મેનુફેકચરિંગ પ્રેક્ટિકલ સેશન યોજ્યો હતો. તેમાં ૧૦૦ થી વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

આ વર્કશોપમાં વિદ્યાર્થીઓએ વેસ્ટમાંથી ડસ્ટર, પેપર વેઈટ, પેન હોલ્ડર્સ બનાયા હતા. આ પ્રોસેસ દરમ્યાન વિદ્યાર્થીઓ મેનુફેકચરિંગ ટૂલ નોલેજ, પ્રોસેસ ટેકિનકસ, કેલ્કયુલેશન વિગેરેની જાણકારી પ્રત્યક્ષ મેળવી હતી.

# મુવી હાઉસ

**પી.વી.આર, સિનેમેક્સ, સે-૧૧**

**હાઉસફુલ-૪**
૧.૧૦, ૭.૦૦
**બાલા**
૮.૫૦, ૧૦.૪૦, ૧૧.૪૦, ૧.૩૦, ૨.૩૦, ૪.૨૦, ૫.૨૦, ૮.૧૦, ૧૦.૦૦, ૧૧.૦૦
**સાંઢ કી આંખ** - ૪.૩૦
**સેટલાઈટ શંકર**
૧.૪૦, ૭.૪૦
**બાયપાસ રોડ**
૧૦.૪૫, ૧૦.૩૦
**હેલ્લારો (ગુજરાતી)**
૧૦.૩૦, ૪.૨૦, ૭.૧૦, ૧૦.૧૦

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૧૬**

**બાલા**
૯.૦૦, ૧૦.૧૦, ૧૧.૪૦, ૧.૦૦, ૨.૨૫, ૩.૫૦, ૫.૧૦, ૬.૪૦, ૭.૫૫, ૯.૩૦, ૧૦.૪૦
**સેટલાઈટ શંકર**
૩.૧૫, ૧૦.૪૫
**બાયપાસ રોડ**
૧૨.૨૦, ૬.૦૫
**વોર** - ૧૧.૫૫
**હાઉસફૂલ-૪**
૯.૨૦, ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૯.૦૦, ૧૦.૧૫
**હેલ્લારો (ગુજરાતી)**
૯.૩૦, ૩.૦૦, ૫.૩૫, ૮.૧૦

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧**

**બાલા**
૯.૦૦, ૧૧.૩૫, ૨.૨૫, ૪.૩૦, ૫.૧૫, ૮.૦૫, ૧૦.૧૫, ૧૦.૫૫
**સેટલાઈટ શંકર**
૧૨.૪૫, ૫.૦૦
**બાયપાસ રોડ**
૯.૫૦, ૧.૪૦, ૭.૨૦
**મેડ ઈન ચાઈના** - ૧૧.૦૦
**સાંડ કી આંખ** - ૩.૩૫
**હાઉસફૂલ-૪**
૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૯.૩૦, ૧૦.૩૦
**હેલ્લારો (ગુજરાતી)**
૯.૧૫, ૧૧.૫૦, ૨.૨૫, ૭.૫૦, ૧૦.૩૦

# શહેરના જીમખાનાના તરવૈયાઓએ નેશનલ માસ્ટર્સ એકવેટિક સ્પર્ધામાં જીત હાંસલ કરી



ગાંધીનગર, તા.૧૩

શહેરના સચિવાલય જીમખાનાના તરણવીરોએ સિકન્દરાબાદ ખાતે યોજાયેલ નેશનલ માસ્ટર્સ એકવેટિક ચેમ્પીયનશીપમાં ભાગ લઈ જીત હાંસલ કરી હતી. જેમાં સિકંદર રસુલ મુજાવર એ ૨ સિલ્વર અને ૧ બ્રોન્ઝ, શરદ વ્યાસે ૧ ગોલ્ડ અને ૧ બ્રોન્ઝ, સ્નેહા પોપટ ચક્રવર્તીએ ૧ ગોલ્ડ અને ૨ સિલ્વર, રાજકુંવરબા ડોડીયાએ ૧ સિલ્વર અને ૧ બ્રોન્ઝ તથા અનિતા કનોજીયારાએ ૧ ગોલ્ડ મેડલ મેળવી શહરને ગૌરવ આપાવ્યું છે. તરણવીરોને કોચ કે.જી. ભગી અને મનિષા ત્રિપાઠીએ માર્ગદર્શન આપ્યું હતું. સ્પર્ધામાં ટીમ લીડર તરીકે શરદ વ્યાસ તથા સ્નેહા પોપટ ચક્રવર્તીએ ઉત્કૃષ્ઠ કામગીરી બજાવી હતી.

# દર માસની પૂનમ-અમાસે માનવ સેવા મંડળ ઉવારસદ ખાતેની ૫૫ નિરાધાર મહિલાઓને કરિયાણું આપશે

**છેલ્લાં કેટલાંક વર્ષોથી શહેરમાં ગાંધીનગર માનવ સેવા મંડળ વિવિધ સંસ્થાઓને મદદરૂપ થઈ રહ્યું છે**

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર માનવ સેવા મંડળ છેલ્લા કેટલાય વર્ષોથી મુખ્યત્વે સચિવાલયના વિવિધ વિભાગોમાં ફરજ બજાવતાં અધિકારી તેમજ કર્મચારીઓ પાસેથી નાની મોટી રકમનો તદન સ્વૈચ્છિક ફાળો નિયમિત રીતે દર માસે ઉઘરાવીને દર માસના બીજા અને ચોથા રવિવારે ફળ, બિસ્કિટ વગેરે ત્રણ ચાર વસ્તુઓનું વિતરણ ગાંધીનગરની સિવિલ હોસ્પિટલ, સે.૧૨ મહિલા ગૃહ, સ્પેશ્યલ ચિલ્ડ્રન હોમ સેક્ટર ૧૯, રિમાન્ડ હોમ સે.૧૩, બહેરા-મૂંગા શાળા, સેક્ટર-૨૯, ડભોડા ભિક્ષુક ગૃહ તથા ગાંધીનગર, મહુડી રોડ ઉપરનાં કૈલાશધામ વૃદ્ધાશ્રમ, કૃષ્ના વૃદ્ધાશ્રમ સેક્ટર ૧૭ તથા મગોડી ગામનાં વૃદ્ધાશ્રમ જેવી કુલ ૯ સ્થળોએ કરે છે. આ પ્રવૃત્તિ ઘણાં વર્ષથી ચાલે છે અને ઘણા નાગરિકો જાણે છે કે આ માટે સિવિલ હોસ્પિટલમાં આવેલ ખોડિયાર માતાના મંદિર પાસે ફૂટપાથ ઉપર ઈચ્છુક મિત્રવર્તુળ અને સેવાભાવી સજ્જનો પોતાના વાહન સાથે સેવાના હેતુસર સવારે ૮.૩૦ વાગ્યે એકઠાં થાય છે.

માનવ સેવાનાં આ યજ્ઞમાં પ્રવૃત્ત આ મંડળના ધ્યાને આવ્યું કે ગાંધીનગર નજીકનાં ઉવારસદ ગામે છેલ્લા પાંત્રીસ વર્ષથી સંત ડોંગરેજી મહારાજની પ્રેરણાથી લક્ષ્મીનારાયણ ટ્રસ્ટ દ્વારા પોતાના જ ગામની લગભગ ૫૫ જેટલી નિરાધાર બહેનોને પોતાના કાયમી દાતાઓની મદદથી ઘઉં અથવા બાજરી, મગની દાળ અને ચોખા તથા ખાંડ જેવી ઘરવખરીની ચારેક વસ્તુઓ દર અમાસ અને પૂનમે વહેંચવામાં આવે છે. ગાંધીનગર માનવ સેવા મંડળને લાગ્યું કે દર માસે બીજા અને ચોથા રવિવારે પોતે જે સેવા પ્રવૃત્તિ કરે છે તે સિવાય ઉવારસદ ગામે ચાલતી સેવા પ્રવૃત્તિમાં પણ પોતાનાથી બનતી ચાર પાંચ વસ્તુઓ લઈને જવાનું યોગ્ય છે. મંડળે પોતાના જ નાનું મોટું દાન કરતાં સજ્જનોને આ પ્રવૃત્તિથી વાકેફ કરીને અમુક વસ્તુઓ જેમ કે ગોળ, તેલ, લોટ, દાળ,ચોખા વગેરે વસ્તુઓ પોતાનાં દાતાઓ મારફત એકઠી કરીને દર પૂનમ અને અમાસે ઉવારસદ જવાનું ગોઠવ્યું છે.આ વધારાની સેવા પ્રવૃત્તિ પણ છેલ્લા કેટલાક વર્ષોથી ચાલે છે.

દિવાળીના દિવસે ઉવારસદ ખાતે તથા ઉપર મુજબના ૧૩ સ્થળોએ કુલ ૩૦૦ કિલો મોહનથાળ, ૨૫૦ કિલો ગાંઠિયા તથા ૫૮૦ કિલો સફરજન વગેરેની વહેંચણી મંડળ દ્વારા કરવામાં આવી હતી.

દિવાળી જેવો મોટો તહેવાર હોવા છતા પણ મંડળ સાથે આર્થિક સહયોગ સિવાય પોતાનો સમય ફાળવતા સેવાભાવી મિત્રો મયંક પ્રજાપતિ, પ્રવીણ દરજી, બી.કે. ભટ્ટ અને હર્ષિદાબેન સોલંકી તથા અન્ય સેવાભાવી બહેનો ઉપરાંત મંડળનાં પ્રમુખ કનુભાઈ દવે તેમજ આ સેવાકાર્યમાં સદાય અગ્રેસર એવા પ્રફુલભાઈ રાવલ આ સેવાકાર્યમાં જોડાયાં હતા.

## ચિરવિદાય

- સ્વ. મિસ્ત્રી દિલીપભાઈ જેઠાભાઈ, ઉ.વ. ૪૨
- સ્વ. રબારી તળજાભાઈ ગોવાભાઈ, ઉ.વ. ૮૭
- સ્વ. રબારી વિરમભાઈ જેઠાભાઈ, ઉ.વ. ૫૦

# બિહોલા રાજપૂત સમાજનો સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૧૩

બિહોલા રાજપૂત સમાજ ગુજરાત રાજયનો સ્નેહમિલન કાર્યક્રમ ગાંધીનગર ખાતે યોજાયો હતો. સમારંભમાં પ્રમુખ તરીકે પૃથ્વીસિંહજી પી. બિહોલા-અગ્રણી એડવોકેટ, મુખ્ય મહેમાન કાળુસિંહ પી. બિહોલા, અતિથિવિશેષ શૈલેન્દ્રસિંહજી બી. બિહોલા-વિપક્ષ નેતા ગાંધીનગર મહાનગરપાલિકા તથા બલવંતસિંહજી એન. બિહોલા-વિપક્ષ નેતા દસક્રોઈ તાલુકા પંચાયત તથા ડૉ. નાગેન્દ્રસિંહજી બિહોલા-સુરભી હોસ્પિટલ-મોડાસાએ ઉપસ્થિત રહી કાર્યક્રમને ઉજળો બનાવ્યો હતો.

સમારંભની શરૂઆત ગણેશ વંદનાથી થઈ હતી. ત્યારબાદ દિપ પ્રાગટય કરી માનવંતા મહેમાનોને ફુલહારથી સન્માનિત કરવામાં આવ્યા હતા. સમારંભમાં તેજસ્વી તારલાઓને ઈનામથી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ સાથે દાતાઓનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ડુંગરપુરથી પધારેલ ભૂપતસિંહજી બિહોલા, તેમજ પૃથ્વીસિંહ પી. બિહોલાએ પ્રાસંગિક પ્રવચન કર્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન દિલીપસિંહ એ. બિહોલાએ કર્યું હતું જયારે આભારવિધિ કરણસિંહ બિહોલા દ્વારા કરવામાં આવી હતી.




દસકોશી લેઉઆ પાટીદાર મંડળ, ગાંધીનગર દ્વારા સ્નેહમિલન સમારોહ, તેજસ્વી તારલાઓનું સન્માન અને બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં તેજસ્વી બાળકો, સમાજના નામાંકિત લોકો અને સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લીધેલ સૌને પુરસ્કાર આપી સન્માનીત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં મેયર રીટાબેન પટેલ, દસકોશી વિદ્યામંડળ અમદાવાદના પ્રમુખ ચીમનભાઈ પટેલ, દસકોશી સેવા સમાજ અમદાવાદના પ્રમુખ વિજયભાઈ અમીન, ગાંધીનગરના પ્રમુખ વિમલભાઈ, મંત્રી ઉરેન પટેલની ઉપસ્થિતિમાં કાર્યક્રમનું સફળ સંચાલન દીપલબેન તથા આખા કાર્યક્રમની સંપૂર્ણ જવાબદારી સોનાલી પટેલ દ્વારા કરવામાં આવી હતી.

# ઉવારસદમાંથી જુગાર રમતા ૧૪ જુગારી ઝડપાયા

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર નજીક આવેલ ઉવારસદ ગામના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સામેની ખુલ્લી જગ્યામાં જુગાર રમતા ૧૪ શકુનીઓને ગાંધીનગર લોકલ ક્રાઈમ બ્રાંચે પકડી પાડયા છે. એલસીબી પોલીસે રોકડ રૂ. ૧૬,૫૦૦, મોબાઈલ નંગ-૧૫ તેમજ અલ્ટો કાર મળી કુલ રૂ. ૧,૩૮,૦૦૦નો મુદ્દામાલ કબ્જે કરી જુગારધારાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગુજરાત રાજયના ડીજીપી તરફથી દારૂ-જુગારની પ્રવૃત્તિ નેસ્ત નાબુદ કરવા માટે ડ્રાઈવ રાખવામાં આવી હતી. જેને અનુલક્ષી આ ડ્રાઈવ દરમિયાન જિલ્લા પોલીસ વડા મયુર ચાવડાએ જિલ્લાના તમામ અધિકારીઓને અસરકારક કામગીરી કરવા સૂચના આપી હતી. જેથી એલસીબી પી.આઈ. જે.જી. વાઘેલાના માર્ગદર્શન હેઠળ ગતરોજ એલસીબી બી.એસ.આઈ. એમ.જે. શિંદે, એએસઆઈ કાંતિભાઈ, અ.હે.કો. કરણસિંહ, લતિફખાન, રાજવીરસિંહ, દિગ્વિજયસિંહ તેમજ લોકરક્ષક જયોતિબેન સહિતની ટીમ આ દિશામાં કાર્યરત હતી. તે સમયે પીએસઆઈ એમ.જે. શિંદે અને લોકરક્ષક જયોતિબેનને બાતમી મળી હતી કે ઉવારસદ ગામે આવેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સામે ખુલ્લી જગ્યામાં ઝાડ નીચે કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા છે. જેને પગલે એલસીબી પીએસઆઈ એમ.જે. શિંદેની ટીમે બાતમીવાળી જગ્યાએ રેડ પાડી જુગાર રમી રહેલા ૧૪ શખ્સોને પકડી પાડયા હતા. પોલીસે જુગારીઓની અંગજડતી અને દાવ પરથી રૂ. ૧૬,૫૦૦, મોબાઈલ નંગ-૧૫ તેમજ અલ્ટો કાર નં. જીજે-૧૮-બીઈ-૨૯૩૩ મળી કુલ રૂ. ૧,૩૮,૭૦૦નો મુદ્દામાલ કબ્જે કરી અડાલજ પોલીસ મથકે જુગારધારાનો કેસ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## અડાલજ પોલીસે પણ ઉવારસદમાંથી ૫ જુગારી પકડયા

ઉવારસદ ખાતે ગતરોજ એલસીબી પોલીસે રેડ પાડી ૧૪ જુગારીઓને રૂ. ૧,૩૮,૭૦૦ના મુદ્દામાલ સાથે પકડી પાડયા છે ત્યારે અડાલજ પોલીસ પણ સક્રિય થઈ ગઈ છે અને આજે અડાલજ પોલીસે રેડ પાડી ઉવારસદમાં પગીવાસ, પાણીની ટાંકી પાસે ખુલ્લામાં જુગાર રમતા ૫ જુગારીઓને પકડી કુલ ૧૨,૨૦૦નો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# 'મેવા'નો ૧૭મો ઈનામ વિતરણ સમારંભ સંપન્ન

ગાંધીનગર, તા.૧૩

'મેવા' સંસ્થાનો ૧૭મો ઈનામ વિતરણ સમારંભ ૧૨મી નવેમ્બરના રોજ બ્રહ્માણી કૃપા હોલ, સે-૨૩ ખાતે યોજાયો હતો. જેમાં પ્રમુખ સ્થાને હબીબભાઈ અજમેરી, ગુજરાત ફર્નિચર એસોસિએશનના પ્રમુખ તથા મુખ્ય મહેમાન તરીકે એમ.એ. સૈયદ, ડેપ્યુટી કલેકટર (નિવૃત્ત) તથા ઉસ્માન પટેલ, નાયબ સચિવ-કાયદા વિભાગે શોભાવ્યું હતું. આ સમારંભમાં ધો-૧૦-૧૨ અને ઉચ્ચ અભ્યાસક્રમમાં સારા ટકા મેળવનાર કુલ ૬૨ વિદ્યાર્થી/ વિદ્યાર્થીનીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. ગાંધીનગરની અન્ય સ્વૈચ્છિક સંસ્થાના પદાધિકારીઓ તથા ગાંધીનગર તથા ગુડા વિસ્તારના ભાઈ-બહેનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# સેકટર-૭-ડીમાં જય ભગવાન એકયુપ્રેશર કેન્દ્ર કાર્યરત

જય ભગવાન એકયુપ્રેશર કેન્દ્ર સેકટર-૭-ડીમાં પ્લોટ નં. ૧૩૦૧/૧માં કાર્યરત થયેલ છે. જેમાં બુધાવરે સવારે આઠથી સાડા આઠ, શનિવારે સાંજે ચાર થી સાડાચારના સમય દરમિયાન એકયુપ્રેશરની નિ:શુલ્ક સારવાર આપવામાં આવે છે. અગાઉ એકયુપ્રેશર સેન્ટર ચાલુ હતું તે જ જગ્યાએ ફરી કાર્યરત થયેલ છે તો જરૂરીયાતમંદ દર્દીઓને સારવાર લેવા માટે જણાવામાં આવે છે.

# ગૂજરાત વિદ્યાપીઠ રાંધેજા ખાતે પ્રાકૃતિક ચિકિત્સા જન-જાગરણ યાત્રા યોજાઈ

ગાંધીનગર, તા.૧૩

શ્રી જમનાલાલ જાનકી દેવી બજાજ કુદરતી ઉપચાર કેન્દ્ર તથા ગ્રામ વ્યવસ્થાપન અધ્યયન કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠના રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા રાંધેજા પરિસરમાં ડૉ. ધર્મેશ પટેલ, મુખ્ય ચિકિત્સક તથા ડૉ. લોકેશ જૈન, કાર્યક્રમ અધિકારી દ્વારા આયુષ વિભાગ ગુજરાત સરકાર દ્વારા પ્રાયોજિત અને ઈન્ટરનેશનલ નેચરોપેથી ઑર્ગનાઝેશન (INO) ગુજરાત ઈકાઈ દ્વારા સંચાલિત પ્રાકૃતિક ચિકિત્સા યાત્રાનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યુ હતું તથા સ્વયં સેવકો દ્વારા ગામમાં વિશાળ જન-જાગરણ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આઈ.એન.ઓ.ના અધ્યક્ષ જિતેન્દ્રભાઈ પંચાલ તથા મહામંત્રી હસમુખભાઈ શાહે પરિસરમાં એમ.બી.એ. (ગ્રામ વ્યવસ્થાપન)ના વિદ્યાર્થીઓને સંબોધતા કહ્યું કે પ્રાકૃતિક




ચિકિત્સાને ભારતમાં લાવનાર અને શ્રદ્ધા સાથે પ્રયોગ કરનારા પૂજ્ય બાપૂજી મહાત્મા ગાંધી હતા જેમણે આજથી સૌ વર્ષ પહેલા આ રાષ્ટ્રીય સ્તરની સંસ્થા –ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપના કરી હતી. આજની ભૌતિકવાદી જીવનશૈલીના દૂષણોથી મુક્તિ પામવા માટે કુદરતી ઉપચાર ચિકિત્સા દવા રહિત રામબાણ ઔષધિ છે જેને અપનાવવું પડશે. તેમણે કાર્યક્રમ વિગત સમજાવતા કહ્યું કે જન-જાગરણ યાત્રા સાથે કૌન બનેગા સ્વાસ્થ્ય રક્ષક જેવી ઑનલાઈન સ્પર્ધાઓનું પણ આયોજન કરવામાં આવી રહ્યુ છે. જેમાં રાષ્ટ્રીય અને રાજ્ય સ્તરે પુરસ્કારોની જોગવાઈ છે. ૧૮ નવેમ્બર પ્રાકૃતિક ચિકિત્સા દિવસના આયોજન માટે ૧૨-૧૮ નવેમ્બર, ૨૦૧૯ સુધી ગુજરાત રાજ્યમાં જન જાગરણ યાત્રાનું પ્રારંભ કરવામાં આવ્યું છે જેને આપણા માનનીય મહામહિમ રાજ્યપાલ આચાર્ય દેવવ્રત દ્વારા સાબરમતી આશ્રમ અમદાવાદથી લીલી ઝંડી આપવામાં આવી હતી. આ યાત્રા માણસા, મહેસાણા, ડીસા, પાટણ, પાલનપુર, હિમ્મતનગર, ગોધરા, વડોદરા, ભાવનગર, રાજકોટ, જામનગર થઈને ગાંધીજીની જન્મભૂમિ કીર્તિમંદિર પોરબંદર પહોંચશે. આ કાર્યક્રમમાં રાંધેજા ખાતે ડૉ. ડૌલીબેન, ગીતા બેન, રસીલાબેન, પ્રવીણભાઈ તથા સુરેશભાઈ ઉપસ્થિત રહ્યા હતા.